# ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમમાં પ્રવેશ ઈચ્છુક ઉમેદવાર તથા વાલીઓને જાણવા જોગ

ગુજરાત બોર્ડ દ્વારા ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ તથા **GUJCET-2018** ના પરીણામની જાહેરાત તા. ૧૦-૦૫-૨૦૧૮ ના રોજ કરવામાં આવશે. રજિસ્ટ્રેશન દરમ્યાન નીચે મુજબની માહિતીનો ખ્યાલ ખાસ રાખવાની સલાહ આપવામાં આવે છે.

(૧) જે વિદ્યાર્થીઓએ ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમમાં પ્રવેશ માટે જરૂરી પીન અને ઈન્ફોર્મેશન બુકલેટ અગાઉ ખરીદેલ ન હોય તેવા પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોએ કોટક મહિન્દ્રા બેંકની નિર્ધારીત બેંન્ક બ્રાન્ચમાંથી રૂા. ૩૫૦/- રોકડા આપીને તા. ૧૪-૦૫-૨૦૧૮ સુધી ખરીદીને રજિસ્ટ્રેશન પ્રક્રિયા અને ડોક્યુમેન્ટ વેરીફિકેશનની પ્રક્રિયા તા. ૧૬-૦૫-૨૦૧૮ સુધી પૂર્ણ કરવાની રહેશે. કોટક મહિન્દ્રાની નિર્ધારીત બેંન્ક બ્રાન્ચનું લિસ્ટ અને સરનામુ એડમીશન કમિટીની વેબસાઈટ : www.jacpcldce.ac.in ઉપર ઉપલબ્ધ છે.

(૨) જે વિદ્યાર્થીઓએ અગાઉથી રજિસ્ટ્રેશન કરેલ છે તેને કોઈ પણ પ્રકારની રજિસ્ટ્રેશન પ્રક્રિયા ફરી કરવાની રહેતી નથી.

(૩) કોઈપણ વિદ્યાર્થીએ માર્કસ઼્સીટની નકલ કોઈપણ હેલ્પ સેન્ટર અથવા એસીપીસી ખાતે જમાં કરાવવાની નથી.

(૪) ફક્ત એવા વિદ્યાર્થીઓ કે, જેને **SC, ST** કે **SEBC** નો લાભ લેવા માંગતા હોય તેઓએ તેમના શાળા છોડ્યાનું પ્રમાણપત્રની નકલ અને રજિસ્ટ્રેશન સ્લીપની નકલ નજીકના હેલ્પ સેન્ટરમાં પરીણામની જાહેરાતના એક અઠવાડીયામાં જમાં કરાવવાની રહેશે.

(૫) જે વિદ્યાર્થીઓએ અગાઉ રજિસ્ટ્રેશન અથવા ડોક્યુમેન્ટ વેરીફિકેશનની પ્રક્રિયા ન કરેલ હોય તેવા ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસીના પ્રવેશ ઈચ્છુક તમામ વિદ્યાર્થીઓએ તા. ૧૬-૦૫-૨૦૧૮ પહેલા રજિસ્ટ્રેશનની અને ડોક્યુમેન્ટ વેરીફિકેશનની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.

(૬) **ISCE** તથા **Gujarat Board** ના તમામ વિદ્યાર્થીઓને જણાવવાનું કે, આપના બોર્ડ તથા ગુજકેટ માર્કસ઼ તા. ૨૩-૦૫-૨૦૧૮ ના રોજ આપના પોર્ટલ પર અપલોડ કરવામાં આવશે. જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.

**તા. ૦૯-૦૫-૨૦૧૮** **— મેમ્બર સેક્રેટરી**